

P.07

જુહુમાં બોલીવુડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચનની લક્ઝરી કારને બસે ટક્કર મારી


# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૨૨૩ । વિક્રમ સંવત ૨૦૮૧ : ફાગણ વદ ૧૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 223 • Dt.28-03-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125





P.07

વિદ્યા બાલનની કહાની થ્રીની સ્ક્રિપ્ટ તૈયારઃ ટૂંક સમયમાં શૂટિંગ

ઈજિપ્તમાં ૪૪ પેસેન્જરને લઈ જતી સબમરિન દરિયામાં ગરકાવ । છ લોકોના મોત 07



28 MARCH- 2025 FRIDAY



07 ટ્રમ્પના ૨૫ ટકા ઓટોમોબાઈલ ટેરિફ ઉપર કેનેડા ગુસ્સે થયું । તેને 'સીધો હુમલો' ગણાવ્યો





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


**ખેડામાંથી નકલી ઘીની ફેક્ટરી ઝડપાતા ૩૧૦૮ કિલો જથ્થો સીઝ કરવામાં આવ્યો**

**ખેડા જીલ્લાના નડિયાદના ડાકોર રોડ પર શ્રી કલ્યાણી નામની ફેક્ટરીમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે દરોડા પાડ્યા હતા અને અમદાવાદમ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વ વિસ્તારમાં આવેલા વસ્ત્રાલ, નિકોલ ગોતા અને જીવરાજ પાર્ક વિસ્તારમાંથી કુલ ૫૦૮ કિલો જેટલો શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો**

# ગુજરાત રાજ્યમાંથી નકલી ઘીનો કારોબાર ઝડપાયો

## ખેડામાંથી ૮ લાખ ૫૦ હજારનું શંકાસ્પદ ઘી અને મુદામાલ સીઝ કરવામાં આવ્યો સહિત અમદાવાદમાંથી ૫૦૮ કિલો જેટલો શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ ।

જો તમે પનીર ખાતા હોવ તો સાવધાન થઈ જવાની જરૂર છે. કારણકે બહારથી આવી રહેલું પમીર બેન આરોગ્યપ્રદ અથવા તો નકલી હોઈ શકે છે. અમદાવાદમ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વ વિસ્તારમાં આવેલા વસ્ત્રાલ, નિકોલ ગોતા અને જીવરાજ પાર્ક વિસ્તારમાંથી કુલ ૫૦૮ કિલો જેટલો શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. પનીર એનાલોગ તરીકે ઓળખાતું પનીર નાના જથ્થામાં દુકાનો અને હોટલ તેમજ રેસ્ટોરન્ટ વાળાઓને વેચવામાં આવતું હોવાનું જાણવા મળ્યું છે. મહેસાણા અને રાજસ્થાનથી આ નકલી પનીર મંગાવવામાં આવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.મળતી માહિતી મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફુડ વિભાગની ટીમને માહિતી મળી હતી કે શહેરના વિવિધ વિસ્તારોમાં ડેરીઓ અને છૂટક રીતે હોલસેલ પ્રમાણે નકલી અને શંકાસ્પદ પનીર વેચવામાં આવી રહ્યું છે. જેના પગલે નિકોલ ગામ રોડ પર ઈન્દ્રજીત પાર્ક સોસાયટીની બાજુમાં આવેલી સતનામ ડેરી પ્રોડકટ દુકાનમાંથી ૧૪૪ કિલો પનીરનો જથ્થો મળી આવ્યો હતો. જ્યારે વસ્ત્રાલમાં શક્તિ ધારા સોસાયટીમાં ગોડાઉન જેવું બનાવી તેમાં મૂકેલું ૧૧૯ કિલો જેટલું પનીર મળી આવ્યું હતું.જ્યારે ગોતા વિસ્તારમાં વિશ્વાસ ૬ સીટી પાસે આવેલી શ્રીક્રિષ્ના ડેરીમાંથી ૧૯૯ કિલો અને ગોતા સ્ટેટમાં ડેરી રિચ આઈસ્ક્રીમ નામના શોપમાંથી ૩૫ કિલો મીડીયમ ફેટ પનીરનો એક કિલોના જથ્થાના પાઉચ મળી આવ્યા હતા.

### અમદાવાદના અલગ અલગ ઠેકાણેથી ૫૦૦ કિલો શંકસ્પદ પનીર પકડાયું




ફૂડ વિભાગ દ્વારા જે જથ્થો જપ્ત કરવામાં આવે છે તે પનીર એનાલોગ જથ્થો છે.ગોડાઉનમાં ૧૦થી ૧૫ કિલોના જથ્થામાં પનીરનો જથ્થો મૂકવામાં આવ્યો હતો. જેને અલગ અલગ ડેરીઓ અને હોટલ રેસ્ટોરન્ટમાં આપવામાં આવતો હતો. પનીર એનાલોગ તરીકે ઓળખાતું વનસ્પતિ ઘી માંથી બનતું સિન્થેટિક પનીર નો જથ્થો મળી આવ્યો હતો. આ પનીરનો જથ્થો નકલી પનીરના જથ્થા તરીકે પણ ઓળખવામાં આવે છે.પનીર એનાલોગ તરીકે કોઈપણ પ્રકારના બિલ વિનાનો પનીરનો જથ્થો મળી આવ્યો હતો જેથી ફૂડ વિભાગની ટીમ દ્વારા તેને સીઝ કરવામાં આવ્યો છે. આ પનીર નો જથ્થો મહેસાણા ખાતેથી અને રાજસ્થાન ખાતેથી મંગાવવામાં આવ્યો હતો. વસ્ત્રાલ અને ઠક્કરબાપાનગર આસપાસના વિસ્તારોમાં આવેલી નાની દુકાનો તેમજ હોટલ રેસ્ટોરન્ટ વાળાને આ જથ્થો આપવામાં આવતો હતો. જીવરાજ પાર્કના જયશ્રી પાર્ક પાસે આવેલા વિજય ડેરીમાંથી ૧૧ કિલો પનીરનો જથ્થો મળી આવ્યો હતો. આ તમામ જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ તમામ શંકાસ્પદ જથ્થો જપ્ત કરી હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યો છે. અમદાવાદમ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વ વિસ્તારમાં આવેલા વસ્ત્રાલ, નિકોલ ગોતા અને જીવરાજ પાર્ક વિસ્તારમાંથી કુલ ૫૦૮ કિલો જેટલો શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે.

## શંકાસ્પદ સેમ્પલ તપાસ માટે ગાંધીનગર ખાતે મોકલવામાં આવ્યા

### તેલમાં ભેળસેળ માટેનું રો-મટીરિયલ પણ વિપુલ માત્રામાં મળી આવતા ટીમ ચોંકી ઉઠી હતી



ખેડા જીલ્લામાં વધુ એકવાર નકલી ઘીની ફેક્ટરી ઝડપાતા ૩૧૦૮ કિલો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. બે વર્ષ અગાઉ આ જ સ્થળ પરથી શંકાસ્પદ ઘી જપ્ત કરવામાં આવ્યું હતું.. ક્ષેમકલ્યાણી નામથી ચાલતી ભેળસેળ કરતી બનાવટી ઘી ફેક્ટરી ઝડપાતા સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા લોકોમાં કાયદાનો ડર બેસાડવા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે બામતીના આધારે દરોડો પાડી ૩૧૦૯ કિલોનો શંકાસ્પદ જથ્થો જપ્ત કર્યો હતો. શ્રી કલ્યાણી ફેકટરીમાં ભેળસેળ યુકત ઘી બનાવવામાં આવતું હતું.

#### અલગ-અલગ બ્રાન્ડનું ૧૦,૫૦૦ લીટર શંકાસ્પદ તેલ મળી આવ્યું હતું

નડિયાદ ફુડ એન્ડ ડ્રગ વિભાગે ફેક્ટરી ઉપર સર્ચ ઓપરેશન કરી ૩૧૦૯ કિલો ઘી અને ભેળસેળ કરવામાં આવતો પદાર્થ સીઝ કર્યો હતો. આ શંકાસ્પદ સેમ્પલ તપાસ માટે ગાંધીનગર ખાતે મોકલવામાં આવ્યા છે. ૮ લાખ ૫૦ હજારનું શંકાસ્પદ ઘી અને મુદામાલ સીઝ કરવામાં આવ્યો છે. ૨૦૨૩ સપ્ટેમ્બરમાં શંકાસ્પદ ઘી આજ સ્થળ પરથી પકડાયું હતું, ત્યારે ફરીથી આ ફેક્ટરી કેવી રીતે શરૂ થઈ ગઈ તે મોટો સવાલ ઊભો થયો છે. દિલીપ રાહુલજી નામનો ઇસમ આ ફેક્ટરી ચલાવે છે.નકલી ઘી, નકલી ટોલનાકું, નકલી કચેરી, નકલી પ ોલીસ જેવું કેટલુંય નકલીનો રાફડો ફાટ્યો છે, ત્યારે નકલી તેલ નીકળતા ફૂડ વિભાગ સફાળું જાગ્યું હતું. પાટણ જીલ્લાના સિદ્ધપુર જીઆઇડીસીમાં આવેલ ૧૩૩ થી ૧૩૫ નંબરના ગોડાઉનમાં મોટી રેડ પાડવામાં આવી હતી. એસઓજી વિભાગ અને ફૂડ વિભાગને નકલી તેલ બની રહ્યું હોવાની બાતમી મળતાં જીઆઈડીસીમાં દરોડા પાડ્યા હતા. ટીમને રેડ દરમિયાન શંકાસ્પદ તેલનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ ભેળસેળવાળું તેલ ભરત રમેશભાઈ મોદી વેચી રહ્યો હતો.એસઓજી અને ફૂડ વિભાગની રેડમાં તેલની ૪ ટેન્ક મળી આવી હતી. અલગ-અલગ બ્રાન્ડનું ૧૦,૫૦૦ લીટર શંકાસ્પદ તેલ મળી આવ્યું હતું. ગોડાઉનમાંથી શંકાસ્પદ તેલ બનાવવાની સાધન સામગ્રી ઝડપ ાઈ હતી. કુલ રૂપિયા ૨૦,૩૧,૬૫૦નો શંકાસ્પદ તેલનો જથ્થો એસઓજી અને ખાદ્ય વિભાગે સિઝ કર્યો હતો.

---

## ન્યૂઝ બ્રિફ

### જામનગર મહાનગર પાલિકાના કર્મચારીને ચેક રીટર્ન અંગેના કેસમાં એક વર્ષની જેલની સજા

। પ્રતિનિધિ, જામનગર, તા.૨૭ ।

જામનગરમાં મ્યુનિશિપલ કોર્પોરેશનમા વોટર વર્કસ શાખામા નોકરી કરતા વિક્રમ વાજસુર ગેરૈયાએ તેના મીત્ર પ્રવીણસિંહ દેવુભા વાઘેલાને તેની કાયદેસરની લેણી રકમ ચુકવવા આપેલો રૂ. ૩,૦૦,૦૦૦નો ચેક બાઉન્સ થતાં પ્રવીણસિંહએ જામનગર ચીફ.જ્યુડી.મેજી. ની કોર્ટમાં ચેક બાઉન્સ થવા અંગે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ ૧૩૮ હેઠળની ફરીયાદ નોંધાવી હતી.

### જામનગરમાં સાત રસ્તા સર્કલ પાસે એસ.ટી. બસ અને બાઈક વચ્ચેના અકસ્માત

। પ્રતિનિધિ, જામનગર,તા.૨૭ ।

જામનગરમાં સાત રસ્તા સર્કલ પાસે ગઈકાલે સાંજે એક એસ.ટી. બસ અને બાઈક વચ્ચે આકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવાર બે યુવાનો ઘાયલ થયા હતા, અને તેમાં એક યુવાન નો પગ ભાંગ્યો છે. જામનગરની પોલીસ ટુકડી તથા એસ.ટી ડિવિઝન ની ટીમ ઘટના સ્થળે પ હોંચી હતી. આ બનાવને લઈને ટ્રાફિક જામ થયો હતો.આ ઈન્ડેક્સ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રદર્શનને સમાન સ્કેલ પર મૂકીને માપે છે. ૨૦૨૦-૨૧માં એલ-૨ મેળવનાર છ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશ કેરળ, પંજાબ, ચંદીગઢ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને આંધ્રપ્રદેશ છે.

---

**માહિતી ખુદ રાજ્ય સરકારે વિધાનસભામાં રજૂ કરી**

## રાજ્યમાં છેલ્લા ૨ વર્ષમાં ૫૦થી વધુ સરકારી શાળાઓ બંધ, સરકારે ગૃહમાં સ્વીકાર કર્યો

### સરકારે આ શાળાઓ બંધ થવાનું મુખ્ય કારણ વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા અથવા શૂન્ય સંખ્યા ગણાવી

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૭ ।

ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૫૬ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ થઈ ગઈ છે. આ માહિતી ખુદ રાજ્ય સરકારે વિધાનસભામાં રજૂ કરી છે. સરકારે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાને કારણે આ શાળાઓ બંધ કરવી પડી છે.

પાટણના ધારાસભ્ય કિરીટ પ ટેલે વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યો હતો કે છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી સરકારી શાળાઓ બંધ થઈ છે અને તેનાં કારણો શું છે. જેના જવાબમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે અમરેલીમાં ૬, અરવલ્લીમાં ૭,



ભાવનગરમાં ૧, છોટા ઉદેપુરમાં ૩, ડાંગમાં ૧, દેવભૂમિ દ્વારકામાં ૯, ગીર સોમનાથમાં ૧, જામનગરમાં ૨, જુનાગઢમાં ૪, ખેડામાં ૨, કચ્છમાં ૩, મહેસાણામાં ૧, નવસારીમાં ૨, પંચમહાલમાં ૧, પોરબંદરમાં ૬, રાજકોટમાં ૩, સુરતમાં ૧ અને સુરેન્દ્રનગરમાં ૧ પ્રાથમિક સરકારી શાળા બંધ કરવામાં આવી છે.

સરકારે આ શાળાઓ બંધ થવાનું મુખ્ય કારણ વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા અથવા શૂન્ય સંખ્યા ગણાવી છે. ઘણા વિસ્તારોમાં વિદ્યાર્થીઓની સંખ્યા એટલી ઓછી થઈ ગઈ હતી કે શાળા ચલાવવી આર્થિક રીતે પોસાય તેમ નહોતું. જેના કારણે સરકારને આ શાળાઓ બંધ કરવાનો નિર્ણય લેવો પડ્યો.

સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા હંમેશાં ચર્ચાનો વિષય રહી છે. એવું માનવામાં આવે છે કે ખાનગી શાળાઓની સરખામણીમાં સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર નીચું હોય છે. આ જ કારણ છે કે આર્થિક રીતે નબળા વાલીઓ પણ દેવું કરીને પોતાના બાળકોને ખાનગી શાળામાં ભણાવવાનું પસંદ કરે છે. જોકે, ગરીબ પરિવારો માટે સરકારી શાળાઓ જ એકમાત્ર વિકલ્પ હોય છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારી શાળાઓની સ્થિતિ વધુ કથળી છે. જેના કારણે વાલીઓ સરકારી શાળાઓમાં પોતાના બાળકોને મોકલવાનું ટાળી રહ્યા છે. આના પરિણામે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે.

---

**દુકાનના ઉદ્ઘાટનને દિવસે જ ચોરી**

### અમદાવાદમાં ૧.૨૦ લાખના બે પટોળા ૧૫ મિનિટમાં લઈને મહિલા રફૂચક્કર

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદમાં નવી જ ખુલેલી દુકાનના ઉદ્ઘાટનના દિવસે જ ચોરી થઈ હતી. જેમાં મોંઘાદાટ પાટણના પટોળાની ચોરીનો બનાવ બન્યો છે. આ બનાવની વિગચ મુજબ સોલામાં એક કપડાંની શોપ ના ઓપનિંગ સમયે મહેમાનોની ભીડ વચ્ચે ગ્રાહકના સ્વાંગમાં એક મહિલા આવી હતી. જે ૧૫ મિનિટમાં ૯૦ હજારનું પાટણનું અને ૩૦ હજારનું રાજકોટનું પ ટોળું ચોરી ફરાર થઈ ગઈ હતી. આ ચોરીની સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. આ મામલે દુકાનમાલિકે ફરિયાદ નોંધાવતાં પ ોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની શોધ શરૂ કરી છે.થલતેજ વિસ્તારમાં આવેલા સુરધારા સર્કલ નજીક સ્વીકાર ટેનામેન્ટમાં રહેતાં ઉર્વીબેન પટેલે સોલા પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિ વિરુદ્ધ ૧.૨૦ લાખ રૂપિયાનાં પટોળાંની ચોરીની ફરિયાદ કરી છે. ઉર્વીબેન સંયુક્ત પરિવારમાં રહે છે અને સાયન્સસિટી રોડ પર આવેલા વ્રજ વેલેંટિયા બિલ્ડિંગમાં ધ્યાન ક્રિએશન લેડીઝ કપડાંની શોપ ધરાવીને ગુજરાન ચલાવે છે.

---

**૨૧૦૦ થી વધુ કર્મચારીઓને સરકારે છૂટા કર્યા**

## ગાંધીનગરમાં આરોગ્ય કર્મચારીઓની અનિશ્ચિત મુદતની હડતાળ

### ગાંધીનગરમાં આરોગ્ય કર્મચારીઓની અનિશ્ચિત મુદતની હડતાળ ૧૧મા દિવસે પણ ચાલુ

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૭ ।

ગાંધીનગરમાં આરોગ્ય કર્મચારીઓની અનિશ્ચિત મુદતની હડતાળ ૧૧મા દિવસે પણ ચાલુ રહી છે. સરકારે કડક વલણ અપનાવતા ૮ જિલ્લાઓમાંથી ૨૧૦૦ થી વધુ કર્મચારીઓને છૂટા કર્યા છે. વધુમાં, પાંચ હજારથી વધુ કર્મચારીઓને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી છે.રાજ્યના આરોગ્ય વિભાગે એક હજારથી વધુ કર્મચારીઓ સામે વિભાગીય તપાસનો આદેશ આપ્યો છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે વિભાગના અલ્ટીમેટમ પછી કેટલાક કર્મચારીઓ ફરજ પર હાજર થયા છે. આ અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે આરોગ્ય કર્મચારીઓની એક માંગ સ્વીકાર્ય છે અને બાકીની માંગ ગ્રેડ પેમાં સુધારાની છે, જેના પર વિચાર કર્યા વિના વિચારી શકાય નહીં.ફેડરેશનના પ્રમુખ રણજીતસિંહ મોરીના નેતૃત્વમાં, આરોગ્ય કર્મચારીઓએ મધ્યરાત્રિએ થાળી વગાડીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે કર્મચારીઓને ખાતરી આપી છે કે હડતાળ દરમિયાન સરકાર દ્વારા આપવામાં આવેલી બધી સજાઓ રદ કરવામાં આવશે. આરોગ્ય કર્મચારી સંઘે ચેતવણી આપી છે કે જો સરકાર બે દિવસમાં તેમને વાતચીત માટે નહીં બોલાવે તો રાજ્યભરમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ફેડરેશન દ્વારા તમામ કર્મચારીઓને ગાંધીનગર આવીને હડતાળને ટેકો આપવા અપ ીલ કરવામાં આવી છે. સત્યાગ્રહ છાવણીમાં આરોગ્ય કર્મચારીઓએ અડગ રહેવાની પ્રતિજ્ઞા લીધી છે.આરોગ્ય કર્મચારીઓની હડતાળને કારણે આરોગ્ય સેવાઓમાં વિક્ષેપ પ ડવાના જોખમને ધ્યાનમાં રાખીને, સરકારે એસ્મા (આવશ્યક સેવાઓ જાળવણી કાયદો) લાગુ કર્યો છે. આ સંદર્ભમાં, આરોગ્ય મંત્રી ઋષિકેશ પ ટેલે ગુરુવારે જણાવ્યું હતું કે આરોગ્ય કર્મચારીઓની આ હડતાળ સંપૂર્ણપ ણે ગેરવાજબી છે. જો કર્મચારીઓ શક્ય તેટલી વહેલી તકે હડતાળ સમાપ્ત નહીં કરે તો સરકાર હવે કડક કાર્યવાહી કરશે.આરોગ્યકર્મીઓના આંદોલન વચ્ચે સરકાર એક્શનમાં જોવા મળી છે. ગુજરાત સ્ટેટ કંટ્રોલ રૂમ દ્વારા આંદોલનકારીઓને જરૂર પડ્યે અટકાયત કરવા આદેશ આપ્યા છે.ઈએસએમએને લઈ આરોગ્ય વિભાગે નોટિફિકેશન જારી કર્યુ હતું. હવે હડતાળ કરતા આરોગ્યકર્મીઓ સામે સરકાર દ્વારા સખ્ત કાર્યવાહી કરવામાં આવશે.સાબરકાંઠા જીલ્લામાં આરોગ્ય કર્મચારીઓની હડતાળ મામલે જિલ્લાના ૭૦૦ જેટલા આરોગ્ય કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા હતા.


---

**છેલ્લા ૪ વર્ષમાં ગુજરાતના** **કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨થી છેલ્લા ૩ વર્ષમાં ગુજરાત રાજ્યને ૧૩૨૯ કરોડની ખાદ્ય સબસિડીની ચૂકવણી કરી**

## કુલ ૧૪ કરોડ લોકોને પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ મળ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૭ ।

કેન્દ્ર સરકારની મહત્વની એવી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત છેલ્લા ૪ વર્ષમાં ગુજરાતમાં લગભગ ૧૪ કરોડ લોકોને લાભ મળ્યો છે. કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨થી છેલ્લા ૩ વર્ષમાં ગુજરાત રાજ્યને ૧૩૨૯ કરોડની ખાદ્ય સબસિડીની ચૂકવણી કરી છે. કેન્દ્રીય ગ્રાહક બાબતો,



ખાદ્યાન્ન અને જાહેર વિતરણ રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ ૨૫ માર્ચ ૨૦૨૫ના રોજ રાજ્યસભામાં સાંસદ પ રિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા ઉપરોક્ત માહિતી આપી હતી.

મંત્રીએ માહિતી આપી હતી કે, ગુજરાતમાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં પીએમ-જીકેએવાય હેઠળ ૩.૪૫ કરોડ લોકોને લાભ મળ્યો હતો, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં લાભાર્થીઓની સંખ્યા ૩.૪૪ કરોડ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૩.૫૨ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં આ સંખ્યા ૩.૬૮ (૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં) રહી હતી. ઉપરાંત ભારત સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨થી છેલ્લા ૩ વર્ષ દરમિયાન પીએમ-જીકેએવાય હેઠળ રાજ્યમાં અનાજ પહોંચાડવાના તથા હેન્ડલિંગ ખર્ચ અને વાજબી ભાવની દુકાનના સંચાલકોના માર્જિનના ખર્ચને પહોંચી વળવા માટે રાજ્ય એજન્સીઓને સહાય તરીકે ગુજરાતને ૬૯૪ કરોડ પણ આપ્યા છે.મંત્રીના નિવેદન મુજબ, ભારત સરકારે છેલ્લા ૪ વર્ષમાં પીએમ-જીકેએવાય માટે કુલ રૂ. ૯,૬૯,૬૧૪.૦૯ કરોડનું ભંડોળ ફાળવ્યું છે અને ભારતીય ખાદ્ય નિગમને રૂ. ૬૭,૫૩,૭૭.૭ અને ડિસેન્ટ્રલાઈઝ્ડ પ્રોક્યોરમેન્ટમાં ભાગ લેનારા રાજ્યોને રૂ. ૨,૯૪,૨૩૬.૩૯ ફાળવ્યા છે.

## ૧૪ કિમીની પરિક્રમા એક મહિના સુધી ચાલશે

# ઉત્તરવાહિની પંચકોશી નર્મદા ૨૯ માર્ચથી શરૂ થશે

### પરિક્રમામાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ સહિત અનેક રાજ્યોના ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડશે તેવી અપેક્ષા

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૭ |

ગુજરાતમાં વડોદરા અને નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદી નર્મદા જિલ્લામાં લગભગ ૬ કિમી સુધી ઉત્તર દિશામાં વહે છે અને તેથી જ દર વર્ષે ચૈત્ર મહિનામાં ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા યોજાય છે, જેનું વિશેષ માહાત્મ્ય છે. આ વર્ષે ૨૯ માર્ચથી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા શરૂ થવા જઈ રહી છે, જે આગામી ૨૭ એપ્રિલ એટલે કે લગભગ એક મહિના સુધી યોજાશે. આ પરિક્રમામાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ સહિત અનેક રાજ્યોના ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડશે તેવી અપેક્ષા છે.ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડશે, તે ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા નર્મદા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શ્રદ્ધાળુઓની સુવિધાઓ માટે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ૧૪ કિલોમીટરની સમગ્ર પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો ભક્તો માટે ?૩.૮૨ કરોડના ખર્ચે અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.નર્મદા પરિક્રમાર્થીઓની આસ્થાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ



તેમજ માર્ગદર્શન હેઠળ બોર્ડ દ્વારા અનેકવિધ હંગામી સુવિધાઓ ઊભી કરાઈ છે. ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાના માર્ગમાં નર્મદા નદીના શહેરાવ ઘાટ, રેંગણ ઘાટ, રામપુરા ઘાટ અને તિલકવાડા ઘાટ આવેલ છે. બોર્ડ દ્વારા આ તમામ ઘાટો પર મોટી સાઈઝના મંડપો, ખુરશી, બેરીકેડિંગ, લાઈટિંગ, ટૉયલેટ બ્લૉક, ચેન્જિંગ રૂમ, મેડિકલ બૂથ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, પોલીસ બૂથ માટે મંડપ, પીવાના પાણીની સુવિધા, સીસીટીવી કેમેરા, ચેતવણી બોર્ડ, ડી. જી. સેટ, સાઈનબોર્ડ્સ, પાર્કિંગ, યાત્રિકોને લાઈનમાં ઊભા રહેવા માટેની રેલિંગ, વૉચ ટાવર, ફૂડ સ્ટૉલ તથા સ્નાન માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. તેવી જ રીતે સમગ્ર પરિક્રમા માર્ગ પર લાઈટિંગ, સાઈનેજિસ, કચરાપેટી, સીસીટીવી કેમેરા, સીનિયર સિટીઝન માટે બેઠક વ્યવસ્થા, ટૉયલેટ યુનિટ, ઈમર્જન્સી કામગીરી માટે જેસીબી, હિટાચી, ક્રેન, દોરડા જેવી મશીનરી તથા વસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવી છે.

## પરીક્ષા આપ્યા બાદ ૨ સગીરાઓ થઈ ગુમ, પોલીસે અપહરણની ફરિયાદ નોંધી

| પ્રતિનિધિ, મહેસાણા, તા.૨૭ |

ગુજરાતમાં પરીક્ષા આપ્યા પછી બે સગીરાઓ ગુમ થયા બાદ અપહરણની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સગીરાઓ બે અલગ અલગ જગ્યાએથી ગુમ થઈ હોવાનું જાણવા મળ્યું છે. પરીક્ષા આપ્યા પછી સગીરાઓ ઘરે પાછા ન ફરતાં તેમના પરિવારોએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.મહેસાણા જીલ્લામાં કડીમાં બે સગીરાઓનું અપહરણ થયું હોવાનું જાણવા મળ્યું છે, જેમાં ૨૪ માર્ચે પરીક્ષા આપ્યા પછી સગીરા ગુમ થઈ ગયા હતા. સગીરા ગુમ થયા પછી તેમના પરિવારે અપહરણની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે અલગ અલગ ટીમો બનાવીને કડક તપાસ શરૂ કરી છે. અન્ય એક ઘટનામાં ૧૫ માર્ચે ૧૭ વર્ષની સગીરા ગુમ થયા પછી ફરિયાદ નોંધાવાઈ હતી.

## જમીનના કામ સંદર્ભે લાંચ લેનારા દહેગામના નાયબ મામલતદાર સહિત બે ઝડપાયા

| પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૭ |

ફરિયાદીની વેચાણ થયેલ ખેતીની જમીનમાં વેચાણ નોંધો રદ કરવા ગાંધીનગર પ્રાન્ત અધિકારીની કોર્ટ તથા ગાંધીનગરના કલેક્ટરની કોર્ટમાં આર.ટી.એસ. આપીલ દાખલ કરી હતી. જે અપીલના કાગળો ખોવાઇ ગયા હોવાથી પરત મેળવવા ફરિયાદીએ ઉપરોક્ત બન્ને જગ્યાએ અરજી કરી હતી.દરમ્યાન તેઓનો સંપર્ક આ કામના બન્ને આરોપીઓ જહેગામ મામલતદાર કટેરીના નાયબ મામલતદાર પ્રવિણ એમ.પરમાર અને ટાઈપીંગ કરનાર(ખાનગી વ્યક્તિ) નિતેષ જે. રાજન સાથે થઈ હતી. બન્ને આરોપીઓએ નોંધો રદ કરી આપવાના અને અપીલના કાગળો મેળવી આપવાના અવેજ પેટે રૂ.૧૮,૦૦૦/- ની લાંચની માગણી કરી હતી.જે લાંચની રકમ ફરિયાદી આપવા માંગતા ન હોવાથી છઝમ્નો સંપર્ક કર્યો હતો. જેને આધારે છઝમ્એ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ગેટ પાસે જાળ બિછાવીને લાંચ લેતા પ્રવિણ પરમાર અને નિતેષ રાજનને ઝડપી લીધા હતા.

## ચૈત્ર નવરાત્રીના નવ દિવસોને લઇને મંદિર રાત્રે ૮ વાગ્યે બંધ થશે

| પ્રતિનિધિ, પાવાગઢ, તા.૨૭ |

પાવાગઢ મંદિરના ટ્રસ્ટે સમય પત્રક જાહેર કર્યુ છે. ચૈત્રી નવરાત્રીને લઈ નિજ મંદિરના સમય ફેરફાર કરાયો એકમ, આઠમ, નોમ અને પૂનમના દિવસે મંદિર સવારે ૪ વાગ્યે ખુલશે, જ્યારે બાકીના દિવસોમાં મંદિર સવારે ૫ વાગે ખુલશે. તમામ નવ દિવસોમાં મંદિર રાત્રે ૮ વાગ્યે બંધ થશે.પૌરાણિક માન્યતાઓ અનુસાર પૃથ્વી પર મહિષાસુર નામના રાક્ષસનો આતંક ઘણો વધી ગયો હતો. મહિષાસુરને વરદાન હતું કે કોઈ દેવ કે દાનવ તેને હરાવી શકશે નહીં. મહિષાસુરના આતંકને કારણે સર્વત્ર અરાજકતા ફેલાઈ ગઈ હતી. આ પછી બધા દેવતાઓએ માતા પાર્વતીને તેમની રક્ષા માટે પ્રાર્થના કરી. પછી દેવી પાર્વતીએ તેના ભાગમાંથી નવ સ્વરૂપો પ્રગટ કર્યા, જેને દેવતાઓએ તેમના શસ્ત્રો આપીને શક્તિ આપી. એવું કહેવાય છે કે આ સમગ્ર પ્રક્રિયા ચૈત્ર મહિનાની પ્રતિપદા તિથિથી શરૂ થઈ હતી અને ૯ દિવસ સુધી ચાલી હતી. માન્યતાઓ અનુસાર ચૈત્ર મહિનામાં નવરાત્રિ ઉજવવાની પરંપરા ત્યારથી શરૂ થઈ હતી.ચૈત્ર નવરાત્રીના નવમા દિવસે રામ નવમી ઉજવવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, ભગવાન શ્રી રામનો જન્મ રામ નવમીના દિવસે થયો હતો, તેથી ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની નવમી તિથીએ રામ નવમીનો તહેવાર ઉજવવામાં આવે છે. ચૈત્રી નવરાત્રિ આધ્યાત્મિક ઈચ્છાઓ પૂરી કરનારી માનવામાં આવે છે.

## અનધિકૃત ૬૦ જેટલા કટની ઓળખ કરી ૩૭ કટ બંધ કરાયા

# વડોદરામાં રસ્તાઓ પર ડીવાઈડરના કટ બંધ કરવાની કામગીરી વિરોધના કારણે અટકી

| પ્રતિનિધિ, પોરબંદર,તા.૫ |

શહેરમાં અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા વડોદરા પોલીસ અને કોર્પોરેશન દ્વારા ટીમો બનાવી વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ પરના ડીવાઈડર ખાતેના અનધિકૃત ૬૦ જેટલા કટની ઓળખ કરી ૩૭ કટ બંધ કરાયા છે. જ્યારે ૨૩ લોકેશન પર વિરોધના કારણે કામગીરી અટકી પડી છે. હવે પોલીસ બંદોબસ્ત સાથે રાખી કામગીરી પાર પાડશે. તેમજ કુંભારવાડા સહિતના કેટલાક સ્થળોએ કટ બંધ કરવા ઉપયોગમાં લીધેલ બોલાર્ડ ગણતરીના કલાકોમાં નીકળી ગયા હોવાના કિસ્સા પણ સામે આવ્યા છે.વડોદરા શહેરમાં અકસ્માતનું પ્રમાણ ઘટાડવા પોલીસ અને પાલિકા જરૂરી પગલાં ભરી રહ્યું છે. ખાસ



કરીને, શહેરમાં પીકઅવર્સ દરમ્યાન ટ્રાફિકનું ભરણ વધુ રહે છે. ટ્રાફિકનું ભારણ ઘટાડવા કેટલાક સર્કલો નાના કરાયા છતાં પરિસ્થિતિ યથાવત છે. હાઈવે તરફથી શહેરમાં પ્રવેશવાના જંકશનો ખાતે પણ ભારે ટ્રાફિક જામ થઈ રહ્યો છે. તો બીજીતરફ શહેરમાં ટ્રાફિક ભારણની રજૂઆતો ધ્યાને રાખી પોલીસ જરૂરિયાત સ્થળે ફોર્સ વધારી રહી છે. જંકશનોની વિઝીટ બાદ તારણ કાઢી સિગ્નલોમાં ફેરફાર કરી રહી છે. લોકોને ડાબી તરફનો માર્ગ ખુલ્લો મળી રહે તે માટે સ્પ્રિંગ પોસ્ટની કામગીરી ઉપર ભાર મૂકવામાં આવી રહ્યો છે. પોલીસ કોર્પોરેશનને સાથે રાખી દબાણ અંગે સતત કામગીરી કરી રહ્યું છે, પરંતુ દબાણો પુનઃ થઈ જતા ટ્રાફિકમાં અડચણ યથાવત રહે છે. લોકો ખરીદી સમયે માર્ગ ઉપર વાહનો નડતરરૂપ ન બને તેવા પાર્ક કરે તેવી પોલીસની અપીલ છે.

શહેરમાં અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા વડોદરા પોલીસ અને કોર્પોરેશન દ્વારા ટીમો બનાવી વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ પરના ડીવાઈડર ખાતેના અનધિકૃત ૬૦ જેટલા કટની ઓળખ કરી ૩૭ કટ બંધ કરાયા છે. જ્યારે ૨૩ લોકેશન પર વિરોધના કારણે કામગીરી અટકી પડી છે. હવે પોલીસ બંદોબસ્ત સાથે રાખી કામગીરી પાર પાડશે.

## વલસાડના ઉમરગામમાં સામૂહિક આપઘાતનો કિસ્સો સામે આવતાં ચકચાર મચી

| પ્રતિનિધિ, વલસાડ, તા.૨૭ |

વલસાડના ઉમરગામમાં સામૂહિક આપઘાતનો કિસ્સો સામે આવતાં ચકચાર મચી ગઈ છે. સોળસુંબા ગામમાં પતિ-પત્ની અને બાળકે આપઘાત કરતા સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, પરિવાર ભાડાના ફ્લેટમાં રહેતો હતો. જ્યાં પતિ-પત્નીએ તેમના બે વર્ષના બાળકની હત્યા કર્યા બાદ આત્મહત્યા કરી લીધી. જ્યારે આસપાસના લોકોને આ ઘટનાની જાણ થઈ, ત્યારે પડોશીઓએ તાત્કાલિક પોલીસને જાણ કરી. ઘટનાની માહિતી મળતા જ ડીએસપી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પરિવારે આત્મહત્યા શા માટે અને કેવી રીતે કરી તે હજુ સુધી જાણી શકાયું નથી.ઉમરગામ પોલીસે ત્રણેયના મૃતદેહનો કબ્જો મેળવી લીધો છે અને ઝઝ્રફ ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ પત્ની અને બાળકને ઝેરી પ્રવાહી આપવામાં આવ્યું હતું બાદમાં પતિએ ફાંસી લગાવી આપઘાત કર્યો હતો. જોકે, પોસ્ટોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મૃત્યુનું સાચું કારણ બહાર આવશે.અગાઉ પાલનપુર પાટિયા વિસ્તારમાં આવેલા સિદ્ધેશ્વર એપાર્ટમેન્ટની સી વીંગમાં રહેતા સોલંકી પરિવારના સાત સભ્યોએ સામૂહિક આપઘાત કર્યો હતો.

## આણંદમાં કથાકાર જિજ્ઞેશ દાદાની તબિયત અચાનક લથડી

| પ્રતિનિધિ, આણંદ, તા.૨૭ |

આણંદમાં ચાલુ કથાએ ગુજરાતના જાણીતા જીગ્નેશ દાદાની અચાનક તબિયત લથડી હતી. જેને કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારે સ્વાસ્થય સુધારા પર આવી જતા તેમને રજા આપી દેવાઈ હતી. ત્યારે તેમણે હોસ્પિટલથી બહાર આવીને ભક્તો માટે સંદેશ આપ્યો છે. ગઈકાલે સાંજે આણંદમાં લાંભવેલ રોડ પર કથાકાર જીગ્નેશ દાદાની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતું ચાલુ કથા દરમિયાન જીગ્નેશ દાદાની તબિયત લથડી હતી. તેથી જીગ્નેશ દાદાને કથા મંડપમાંથી સીધા હોસ્પિટલ લઈ જવાયા હતા. તેમણે ચાલુ કથામાં લોકોને કહ્યું હતું કે, મારું સ્વાસ્થ્ય થોડું બગડ્યું હોય જવું પડશે. વ્યાસપીઠ પરથી ઈશારો કરીને તેઓએ તાત્કાલિક ગાડી મંગાવી હતી. કથામાં જીગ્નેશ દાદાને પરસેવો વળી જતા કથા મોકૂફ રાખી હોસ્પિટલમાં પહોંચ્યા હતી. જોકે, મોડી રાતે ખબર આવી હતી કે, જીગ્નેશ દાદાની તબિયત નોર્મલ છે. તેમણે હોસ્પિટલથી બહાર આવીને ભક્તોને સંદેશ આપ્યો હતો કે, આપ ચિંતા ન કરશો. બધાને રાધે રાધે. સ્વાસ્થય સારું છે અને આજે કથામાં મળીશું. રાધે રાધે.તો જીગ્નેશ દાદા તરફથી ખબર આવી હતી કે, બપોરે ૦૪:૩૦ કલાકે કથા રાબેતા મુજબ ચાલશે.



## પ્રકાશ દેસાઈએ આ કેસમાં 'થિયેટર' અને 'ટિકિટ' નામના કોડવર્ડ્સ તૈયાર કર્યા હતા

# સુરત શહેરમાં કથિત આરટીઆઇ ખંડણીખોરો સામે કાર્યવાહી । પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈની ધરપકડ

### ઉધના વિસ્તારના ભૂતપૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઇ આરટીઆઇનો દુરુપયોગ કરીને પૈસા પડાવતા ઝડપાયા હતા

। પ્રતિનિધિ, સુરત, તા.૨૭ ।

સુરત શહેરમાં કથિત આરટીઆઇ ખંડણીખોરો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઉધના વિસ્તારના ભૂતપૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈ આરટીઆઈનો દુરુપયોગ કરીને પૈસા પડાવતા ઝડપાયા હતા.એસઓજી ટીમે તેને ૩ લાખ રૂપિયા લેતા રંગે હાથે ઝડપી પડ્યો છે.

સુરતમાં પ્રકાશ દેસાઈએ આ કેસમાં 'થિયેટર' અને 'ટિકિટ' નામના કોડવર્ડ્સ તૈયાર કર્યા હતા. જેમાં વિરોધ પ્રદર્શન માટે 'થિયેટર'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને પૈસા એકત્ર કરવા માટે 'ટિકિટ'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એક ટિકિટ કોડવર્ડની કિંમત પહેલા ૧ લાખ રૂપિયા હતી. આ કોડવર્ડના આધારે, લીઓ ક્લાસીસના મેનેજર પાસેથી ૪.૫૦ ટિકિટ (રૂ. ૪.૫૦ લાખ) ની માંગણી કરવામાં આવી હતી. પ્રકાશ દેસાઈએ લિયો ક્લાસીસ વિરુદ્ધ ઘણી વખત આરટીઆઈ દાખલ કરી હતી અને મ્યુનિસિપલ કોર્પોરેશનના મુખ્યાલયની બહાર ધરણા કરવાની ધમકી આપી હતી.




મહાનગરપાલિકા દ્વારા તપાસ બાદ પણ જવાબ મળ્યો કે કોઈ ગેરકાયદેસર બાંધકામ થયું નથી, પરંતુ દબાણ વધી રહ્યું હતું. તે આરટીઆઈને ધમકીના હથિયાર તરીકે ઉપયોગ કરીને ખંડણી માંગી રહ્યો હતો. જ્યારે તે આખરે ૩ લાખ રૂપિયાની ટિકિટ ખરીદી રહ્યો હતો, ત્યારે એસઓજીએ છટકું ગોઠવ્યું અને તેને રંગે હાથે પકડી લીધો. મહત્વનું છે કે પ્રકાશ દેસાઈનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તેઓ પોતાના ઘરમાં હીંચકા પર આરામથી બેસીને આરટીઆઈના દબાણ વિશે વાત કરતા જોવા મળે છે. આ વીડિયોમાં તે વસૂલી વિશે વાત કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.એસઓજી પોલીસે પૂર્વ કાઉન્સિલર સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

સુરત એસઓજી ટીમ ભૂતપૂર્વ કાઉન્સિલરની ધરપકડ કરવા માટે પ્રકાશ દેસાઈના ઘરની છત પર હતી. પ્રકાશ દેસાઈને આ વાતની ખબર નહોતી. જ્યારે પ્રકાશ દેસાઈએ ખંડણીના પૈસા લીધા ત્યારે ફરિયાદીના કહેવાથી એસઓજી પોલીસકર્મી પોતાનો જીવ જોખમમાં મૂકીને છત પરથી નીચે ઉતરી આરોપીના ઘરની બાલ્કનીમાં પહોંચી ગયા હતા. આ દ્રશ્ય કોઈ ફિલ્મનું હોય એવું લાગતું હતું. આ દરમિયાન એસઓજી ડીસીપી રાજદીપ સિંહ નકુમ અને પીઆઈ સહિત પોલીસકર્મીઓ પ્રકાશ દેસાઈની ધરપકડ કરવા માટે તેમના ઘરની નીચે હાજર હતા.

પોલીસકર્મી છત પરથી પ્રકાશ દેસાઈના ઘરમાં પ્રવેશી અને બીજી તરફ એસઓજી ટીમ પણ ઘરની નીચે પહોંચી હીંચકા પર બેઠેલા પ્રકાશ દેસાઈની ધરપકડ કરી હતી. સુરત શહેરમાં કથિત આરટીઆઈ ખંડણીખોરો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઉધના વિસ્તારના ભૂતપૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈ આરટીઆઈનો દુરુપયોગ કરીને પૈસા પડાવતા ઝડપાયા હતા.એસઓજી ટીમે તેને ૩ લાખ રૂપિયા લેતા રંગે હાથે ઝડપી પાડ્યો છે.સુરતમાં પ્રકાશ દેસાઈએ આ કેસમાં 'થિયેટર' અને 'ટિકિટ' નામના કોડવર્ડ્સ તૈયાર કર્યા હતા. જેમાં વિરોધ પ્રદર્શન માટે 'થિયેટર'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને પૈસા એકત્ર કરવા માટે 'ટિકિટ'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો..એસઓજી ટીમે તેને ૩ લાખ રૂપિયા લેતા રંગે હાથે ઝડપી પાડ્યો છે.

## લાંચ લેતા ઝડપાતા તેમના ઘરની તપાસ કરવામાં આવી હતી

# વડોદરામાં પીએફ ઇન્સ્પેક્ટરના લાંચ પ્રકરણમાં ઘરેથી લાખો રૂપિયા મળ્યાં

। પ્રતિનિધિ, વડોદરા,તા.૨૭ ।

વડોદરામાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના પીએફ ઈન્સ્પેક્ટર રૂપિયા ૪૦ હજારની લાંચ લેતા ઝડપાતા તેમના ઘરની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બે લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. તેમજ રિમાન્ડનો સમયગાળો પૂર્ણ થયા બાદ આરોપીને કોર્ટમાં રજૂ કરાતા જેલમાં મોકલવાનો આદેશ આપવામાં આવ્યો છે.અકોટા ભવિષ્ય નિધિ ભવન, પ્રાદેશિક કાર્યાલયમાં ફરજ પર તૈનાત પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનના એન્ફોર્સમેન્ટ ઓફિસર બિનોદકુમાર હરિકાંત શર્માએ ફરિયાદીને ધમકી આપી હતી અને દસ્તાવેજો સબમિટ કરવા માટે ઈ-મેલ દ્વારા સ્પોટ મેમો મોકલ્યો હતો. ત્યારબાદ બિનોદ કુમારે ફરિયાદીને કહ્યું કે તમારા દસ્તાવેજો સબમિટ કરવાની તારીખ પસાર થઈ ગઈ છે. તેથી તમને દંડ કરવામાં આવશે અથવા કાર્યવાહી કરવામાં આવશે અને જો તમે આ કાર્યવાહીથી બચવા માંગતા હો, તો તમારે ૫૦ હજાર રૂપિયાની લાંચ આપવી પડશે. આ વાતચીતના અંતે, ૪૦ હજાર રૂપિયા આપવાનું નક્કી થયું હતું.

બાદમાં ફરિયાદીએ એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી અને એસીબીએ પ્રોવિડન્ટ ફંડ ભવનમાં દરોડા પાડી એસીબીએ બિનોદ કુમારની રંગે હાથ ઝડપ્યો હતો. તે જ સમયે, અકોટા વિસ્તારમાં આશીર્વાદ સોસાયટી ખાતેના તેમના નિવાસસ્થાનને પણ સીલ કરવામાં આવ્યું હતું.

## કલોલમાં કાર ચાલકે ૨ વર્ષની બાળકીને અડફેટે લેતાં નિપજ્યું મોત

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૭ ।

ગાંધીનગરના કલોલમાં સાંતેજમાં કાર ચાલકે ૨ વર્ષની બાળકીને કચડી નાંખતા સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. માસૂમ ફૂલ જેવી દેખાતી બાળકીના મોતથી પરિવાર રોષે ભરાયેલો છે. આ મામલે સ્થાનિક પોલીસ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.ગાંધીનગર જીલ્લાના સાંતેજ તાલુકામાં બે વર્ષની બાળકી પોતાના ઘર આંગણે રમી રહી હતી ત્યારે કાર ચાલકે ટક્કર મારતા બાળકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. બાદમાં પરિવાર તેને હોસ્પિટલ સારવાર માટે લઈ ગયા હતા. જોકે, સારવાર દરમિયાન બાળકીનું મોત થતાં પરિવારમાં આક્રોશ જોવા મળ્યો હતો. લોકોએ સ્કોર્પિયો કારની તોડફોડ કરી હતી. ઘટનાને આધારે સાંતેજ પોલીસે કાર ચાલક સામે ગુનો દાખલ કર્યો છે.ગાંધીનગરનાં કલોલમાં ૨ વર્ષની બાળકી દેવાંશીનું મોત થતાં પરિવારમાં ગમગીની ફેલાઈ ગઈ છે. સાંતેજમાં રહેતા ગોમતીબેન પોતાની પુત્રી દેવાંશીને લઈ પિયર આવ્યા હતા. રાત્રિના સમયે ઘર આંગણે રમી રહી હતી.

## લેઉઆ પટેલ કન્યા છાત્રાલયમાં નર્સિંગની વિદ્યાર્થીનીનો આપઘાત, તપાસ કરાઈ શરૂ

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૭ ।

રાજકોટના જામકંડોરણાની લેઉવા પટેલ કન્યા છાત્રાલયમાં નર્સિંગનો અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીએ હોસ્ટેલના રૂમમાં ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તપાસ શરૂ કરી છે. જો કે, વિદ્યાર્થીનીએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી.પોલીસના જણાવ્યા અનુસાર, જામજોધપુર તાલુકાના મોટી પાનેલી ગામની રહેવાસી રાજેશભાઈ મકવાણાની પુત્રી સલોની મકવાણા જામકંડોરણામાં આવેલી લેઉવા પટેલ કન્યા છાત્રાલયમાં રહીને કાલાવડ રોડ પર આવેલી નર્સિંગ કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી હતી. ગત કાલે ૨૪મી માર્ચ, ૨૦૨૫ના રોજ, સલોની હોસ્ટેલના પોતાના રૂમમાં પંખા સાથે ચુંદડી બાંધીને ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. હોસ્ટેલના અન્ય વિદ્યાર્થીનીઓએ આ ઘટના જોતા જ તાત્કાલિક હોસ્ટેલના સંચાલકોને જાણ કરી હતી. ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. જામકંડોરણા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સલોનીના મૃતદેહને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે જામકંડોરણાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કરી હતી.

પોલીસ હાલમાં આ ઘટનાની તપાસ કરી રહી છે અને સલોનીએ આપઘાત શા માટે કર્યો તે જાણવાનો પ્રયાસ કરી રહી છે. પોલીસને ઘટનાસ્થળેથી કોઈ સ્યુસાઈડ નોટ મળી નથી, જેના કારણે આપઘાતના કારણોનું રહસ્ય વધુ ઘેરું બન્યું છે. પોલીસ સલોનીના મોબાઈલ ફોનની કોલ ડિટેઈલ્સ મેળવી રહી છે અને તેના મિત્રો તેમજ પરિવારજનોની પૂછપરછ કરી રહી છે.







## તંત્રી લેખ...

# પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ

રામનવમીના તહેવાર પ્રસંગે દેશના કેટલાક હિસ્સામાં જે રીતે ઉપદ્રવ મચાવવામાં આવ્યો અને શ્રીરામની શોભાયાત્રાઓને નફરતી તત્ત્વો દ્વારા નિશાન બનાવવામાં આવી, તેનાથી ગયા વર્ષની એ ઘટનાઓની યાદ તાજી થઈ ગઈ, જ્યારે આ જ પર્વ દરમ્યાન કેટલાય શહેરોમાં મોટા પાયે હિંસા આચરવામાં આવી હતી. એ માનવાનાં ઘણાં કારણો છે કે રામનવમી પર કાઢવામાં આવતી શોભાયાત્રાઓ પર કોઈ સુનિયોજિત ષડયંત્ર અંતર્ગત હુમલા થઈ રહ્યા છે. તેનું પ્રમાણ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર, ગુજરાતના વડોદરા અને પશ્ચિમ બંગાળના હાવડામાં થયેલ હિંસાથી મળી આવે છે. સંભાજી નગરમાં એક રામ મંદિર પાસે ભારે હિંસા કરવામાં આવી અને જ્યારે પોલીસ સ્થળ પર પહોંચી તો ઉપદ્રવીઓએ તેને પણ નિશાનો બનાવી. તેને કારણે કેટલાય પોલીસકર્મીઓ પણ ઘાયલ થઈ ગયા. વડોદરામાં રામનવમીએ નીકળેલી બે શોભાયાત્રાઓ પર હુમલા કરવામાં આવ્યા. પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ. ત્યાં શોભાયાત્રા પર હુમલાની સાથે જ હિંદુઓના ઘરો અને દુકાનોને પણ નિશાનો બનાવવામાં આવી. એનાથી પણ ચિંતાજનક વાત એ રહી કે ત્યાં બીજા દિવસે પણ હિંસા ચાલુ જ રહી. હાવડામાં શુક્રવારની નમાજ બાદ હિંસક ભીડે જેવો ઉત્પાત મચાવ્યો, તેનાથી સ્પષ્ટ છે કે તેમનું દુસ્સાહસ વધેલું હતું અને તેમને પોલીસની સતર્કતાથી કશો ફરક પડતો ન હતો.આશ્ચર્ય નહીં કે મુખ્યમંત્રી મમતા બેનર્જીના એ કથને ઉપદ્રવી તત્ત્વોનું દુસ્સાહસ વધારવાનું કામ કર્યું હોય કે મુસ્લિમ વિસ્તારોમાંથી રામનવમીની શોભાયાત્રાઓ ન કાઢવામાં આવે. આખરે આ પ્રકારનું નિવેદન આપવાની જરૂર જ શી હતી? શું શોભાયાત્રાઓ માટે મુસ્લિમ વિસ્તારો નિષેધ છે? જો કોઈ એમ કહે કે હિંદુ સમુદાય મુસ્લિમ વિસ્તારોમાંથી શોભા યાત્રાઓ ન કાઢે તો પછી કોઈ એમ પણ કહેશે કે મુસલમાનોએ પોતાનાં જુલૂસ હિંદુઓના વિસ્તારમાંથી ન કાઢવાં જોઈએ. શું મમતા બેનર્જી આવું ઈચ્છે છે? શું મુસ્લિમ વિસ્તારો કોઈ એવાં વિશેષ સ્થળ છે, જ્યાં અન્ય કોઈ સમુદાયના લોકોએ ન જવું જોઈએ? આ સવાલ માત્ર મમતા બેનર્જીને જ નહીં, એમને પણ છે, જેઓ ગંગા-જમુની તહેજીબનાં ગતકડાં રમતાં મૂક્યા કરે છે. આ કથિત તહેજીબ એક છેતરપિંડી જ છે અને તેમાં મુસ્લિમ સમુદાય સિવાય અન્ય કોઈ બીજા માટે સ્થાન નથી. આ તહેજીબનાં વખાણ કરનારાઓએ એ પણ જણાવવું જોઈએ કે આખરે શોભાયાત્રાઓ પર જ હુમલા કેમ થઈ રહ્યા છે? જ્યારે હાવડામાં શોભાયાત્રા પોલીસ દ્વારા નક્કી કરવામાં આવેલા માર્ગ પર જ નીકળી રહી હતી, તો પછી તેના પર કોઈ વાંધો કેવી રીતે ઉઠાવી શકે? એનાથી પણ મોટો પ્રશ્ન એ છે કે કોઈ શોભાયાત્રા પર હુમલો કરવાની હિંમત જ કેવી રીતે કરી શકે? સામાન્ય રીતે આવી હિંમત ત્યારે જ થઈ શકે, જ્યારે તોફાની તત્ત્વોને પોલીસની કોઈ જ બીક ન રહી હોય. શોભાયાત્રાઓ પર થનારા હુમલા માત્ર કાયદો-વ્યવસ્થાને જ સીધો પડકાર નથી, બલ્કે દેશના સામાજિક તાણાવાણાને ધ્વસ્ત કરવાની કુચેષ્ટા પણ છે.

# ફુડ સંબંધિત કોર્સમાં હવે ધસારો



આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઈને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઈ ગયા છે. સારા ફુડ પ્રોડકશન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઈન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઈનીજ અને અન્ય ઈન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત તેમાં પાક કલાની કુશળતા હોવી જોઈએ. ફુડ ક્રાફ્ટ, ફુડ પ્રોડક્શન, ફુડ એન્ડ બેવરેજ સર્વિસ અથવા તો બેરી કન્ફેક્શનરીમાં ડિગ્રી અથવા તો ડિપ્લોમાં સર્ટિફિકેટ મેળવી શકાય છે. આમાં ડિપ્લોમાં અથવા તો ડિગ્રી મેળવી લેવામાં આવ્યા બાદ રોજગારીની કેટલીક તકો રહે છે. હોટેલ અથવા તો રેસ્ટોરન્ટ, એર કેટરિગ, રેલવે કેટેરિંગ, આર્મી કેટરિગ, ફુડ પ્રોસેસિંગ કંપનીઓ, થીમ રેસ્ટોરન્ટ, મોલ્સ, બેઝ કિચન, ક્રુઝ લાઈનર, કોર્પોરેટ કેટરિગમાં નોકરીની કેટલીક તક રહેલી છે. હોટેલ મેનેજમેન્ટના કોર્સ કરી લેવામાં આવ્યા બાદ આપને કોઈ મોટી સંસ્થા અથવા તો હોટેલ કંપનીમાં ઈન્ટર્નશીપ કરવી પડે છે. ફુડ પ્રોડક્શન મેનેજરની ટ્રેનિંગ લઈ લેવામાં આવ્યા બાદ કેટલાક સમયના અનુભવ પછી તમે ૧૮થી ૩૦ લાખ રૂપિયા સુધી વાર્ષિક પગાર મેળવી શકાય છે. અલબત્ત વેતન સંસ્થાન માટે ધોરણ અલગ હોઈ શકે છે. પરંતુ એક સારા અને કુશળ ફુડ પ્રોડક્શન મેનેજરને પ્રતિ માસ ૧૦થી ૧૫ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. દસ વર્ષના અનુભવ બાદ ૫૦ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. એક્ઝીક્યુટીવ શેફ બની જવાની સ્થિતીમાં તો સેલેરી લાખો સુધી પહોંચી જાય છે. ભોજનને જેટલા સ્વાદિષ્ટ બનાવવાની કુશળતા રહેશે તેટલો સારો પગાર ઉમેદવારને મળે છે.



**સમય ઓનલાઇન, ઇ-કોમર્સનો છે ત્યારે સાવધાની જરૂરી બની....**

**ઠગ લોકોએ પણ ઓનલાઇન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઇને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઇ રહ્યા છે પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠગ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે**

# ફ્રોડના કેસો હવે સતત વધી રહ્યા છે

**૩૬ ટકા લોકો ઓનલાઇન છેતરપિંડીનો શિકાર થઇ રહ્યા છે : નવા સર્વે મુજબ ઓનલાઇન શોપિંગ સુવિધાજનક છે પરંતુ સાવધાની જરૂરી છે**

ભાગદોડની લાઈફમાં લોકો ઓનલાઈન ખરીદી અને કારોબાર તરફ વધી રહ્યા છે. પરંતુ આને લઈને કેટલીક સાવધાની જરૂરી બની ગઈ છે. કારણ કે ઓનલાઈન કારોબારના સમયમાં ઠગાઈ અને છેતરપિંડીના કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. લોકો ઓનલાઈન ખરીદી કરીને કેટલીક વખત મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. ઓનલાઈનનો છે. સાવધાની વધારે જરૂરી બની ગઈ છે. ઈ-કોમર્સનુ નેટવર્ક પણ હાલમાં રોકેટ ગતિથી ફેલાઈ રહ્યુ છે.

આવી સ્થિતીમાં ઠગ લોકોએ પણ ઓનલાઈન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઈને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઈ રહ્યા છે. પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે. તાજેતરમા ંજ જારી કરવામાં આવેલા એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ૩૬ ટકા લોકો ક્યારેક ક્યારેક ઓનલાઈન ચેટિંગનો શિકાર થઈ જાય છે. ઓનલાઈન બિલ પેમેન્ટ કરવા, કોઈ ઈ-કોમર્સ સાઈટ પર ગેજેટની ખરીદી કરતી વેળા અને એટીએમમાંથી પૈસા ઉપાડતી વેળા લોકો છેતરપિંડીનો શિકાર થઈ જાય છે. આરબીઆઈના ડેટા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૧માં બેંકોના એટીએમ, ક્રેડિટ કાર્ડ




અને ડેબિટ કાર્ડ સાથે સંબંધિત ફ્રોડના અનેક મામલા નોંધવામાં આવ્યા હતા. આ એવા ૪૯૪૫૫ કેસો કરતા અલગ છે જે ફિશિંગ, સ્કેનિંગ, હેકિંગ સાથે જોડાયેલા છે. એટલુ જ નહી આવા મામલાની સંખ્યા અનેક ગણી વધારે છે જેનો ઉલ્લેખ રિપોર્ટમાં કરવામાં આવ્યો નથી. ઓનલાઈન શોપિંગનો ક્રેઝ હાલમાં સૌથી વધારે જોવા મળે છે. તેમાં ઓનલાઈન શોપિંગ ખુબ સુવિધાજનક છે. ઈલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓની ખરીદી કરવા અને અને ઘરની કો ંચીજવસ્તુઓ ખરીદવા માટે હવે ઓનલાઈન શોપિંગનો ક્રેઝ વધારે જોવા મળે છે. દુખદ બાબત એ છે કે ઓનલાઈન શોપિંગમાં પણ કેટલીક પ્રકારની છેતરપિંડીની શરૂઆત થઈ ગઈ છે. કેટલાક કેસમાં ઓનલાઈન ઓર્ડર કરવામાં આવ્યા બાદ આપની પાસે પ્રોડક્ટ પહોંચી શકતી નથી. અથવા તો કેટલાક કેસમાં તુટેલી ચીજવસ્તુઓ પહોંચી જાય છે. કેટલાક કેસમાં બનાવટી ચીજ પણ પહોંચી જાય છે. કેટલાક કેસમાં ખાલી પેકેટ પણ મળી જાય છે. કેટલાક કેસમાં પથ્થર ભરેલા પેકેટ પણ મળી જાય છે. એક ગાજિયાબાદની વ્યક્તિએ માહિતી આપતા કહ્યુ છે કે ૪૬ હજાર રૂપિયામાં આઈફોન-૬ ઓર્ડર કરવામાં આવ્યા બાદ પેકેટ ઘરે પહોંચતા તેમાં પથ્થર નિકળ્યા હતા.હકીકતમાં આ સમસ્યા કોઈ પણ તબક્કામાં થઈ શકે છે. આના માટે સેલ અને ડિલિવરી વ્યવસ્થાને સમજવાની જરૂર હોય છે. ફેબ ઈન્ડિયા જેવી સાઈટસ માત્ર પોતાના પ્રોડક્ટ વેચે છે. જ્યારે મોટા ભાગની સાઈટ એવી છે જે ઘણા બધા સેલર માટે પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવે છે. ફલીપકાર્ટ, નો સમાવેશ થાય છે. અહીં જે ઓર્ડર અપાય છે. તે પ્રોડક્ટ વેબસાઈટ અથવા તો સેલર પોતે આપના સુધી પ્રોડક્ટસ પહોંચાડે છે. જેના કારણે પ્રોડકટસ ની ક્વાલિટી અને ડિલિવરીની ગેરંટી હોય છે. આ સાઈટો બીજા સેલરથી પેદાશો ખરીદે છે. પરંતુ તેની ક્વાલિટી ચકાસે છે. પોતે જે ડિલિવરી કરે છે. જેમ કે ફલીપકાર્ટ ટુંક સમયમા ંજ એફ-એશ્યોર્ડ લોંચ કરનાર છે. જેના કારણે વધારે સારી રીતે ચીજ પહોંચાડવાની વ્યવસ્થા રહેશે. એનેઝોન પણ એક પ્રાઈમ પેઈડ સર્વિસ છે. જે ૫૦૦ રૂપિયા વર્ષભરના આપવાના કેસમાં આવી સુવિધા આપે છે. ટેકનોલોજીની સારી સુવિધા ધરાવનાર ઠર લોકો કેટલીક વખત એક જેવા દેખાતા લોકો અને ડોમેન નેમની સાથે નકલી સાઈટ બનાવી નાંખે છે.

જે બિલકુલ અસલ જેવી દેખાય છે. આના મારફતે કસ્ટમરો મારફતે નાણાં વસુલ કરીને ગાયબ થઈ જાય છે. નકલી વેબસાઈટનો ઉપયોગ કરીને લોકોને જુદા જુદા લાલચ આમાં આપવામાં આવે છે. જેના ભાગરૂપે ઠગ લોકો ખુબ સફાઈથી લોકોને ગેરમાગે દોરી દેવામાં સફળ રહે છે. બીજી રીતે સાઈટ સાચી અને સેલર ખોટા તેવી બાબત હોય છે. જો તમને કોઈ પેદાશ મળતી નથી અથવા તો તુટેલી મળે છે તો વેબસાઈટ નહી બલ્કે સેલર અથવા તો કુરિયર કંપની ઠગાઈ કરનાર હોઈ શકે છે. અલબત્ત આ સાઈટ્સ પોતે પણ ખરીદારના રેટિંગ અને બીજા તરીકા સાથે સેલર પર ચાંપતી નજર રાખે છે. છતાં તમામ છેતરપિંડી કરનાર લોકોને પકડી પાડવાની બાબત સરળ હોતી નથી.



**સલાહ : ફિટનેસને જાળવીને જ કોઇ નક્કર કામો કરી શકાય છે....**

**વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે**

# હાલના સમયમાં વર્કઆઉટ ખુબ જરૂરી

**યોગ્ય સમય પર ફુલ મસ્તી અને મુડ સાથે વર્ક આઉટ કરવા અને બોડીને ફિટ રાખવા શ્રેણીબદ્ધ વિકલ્પ છે : તમામ વિકલ્પો અજમાવવાની જરૂર**

કોરોનાથી બોધપાઠ લીધા બાદ હવે લોકો આરોગ્યને લઈને વધારે સાવધાન થયા છે. કોરોના કોઈ પણ કિંમતે બિમારીથી દુર રહેવાના પ્રયાસો કરે છે. આ બાબતને ધ્યાનમાં લઈને લોકો ઈમ્યુનિટી વધારવા અને અને ફિટનેસ પ્રત્યે વધારે ધ્યાન આપી રહ્યા છે. કેટલાક લોકો ફિટનેસને લઈને ચિંતાતુર બની ગયા છે. કારણ કે તેમની પાસે વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી. જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે. જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે. વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે. ધીમી ગતિથી આની શરૂઆત કરવી જોઈએ. પોતાના રૂમમાં હળવી કસરત કરીને પણ ફિટનેસ મેળવી શકાય છે. ઘરમાં પણ રહીને ફિટનેસ જાળવી શકાય છે. આના માટે પોતાના ફેવરીટ કલાકારોના વિડિયોનો ઉપયોગ કરી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે શરીર માટે કસરત ખુબ જરૂરી છે પરંતુ રોજ રોજ એક પ્રકારની કસરત અથવા તો વર્કઆઉટથી કેટલીક વખત કંટાળો આવવા લાગી જાય છે. જો તમે બોર થયા વગર વર્ક આઉટ કરો છો તો કોઈ તકલીફ નથી પરંતુ જો બોરિંગ અનુભવ થાય તો મસ્તીની સાથે



વર્ક આઉટ કરવામાં આવે તે જરૂરી છે. ફુલ મસ્તીની સાથે દરરોજ વર્ક આઉટ કરવા માટે પણ શ્રેણીબદ્ધ વિકલ્પ રહેલા છે. બોડીને ફિટ રાખવા માટે કેટલાક વિકલ્પ સ્પષ્ટપણે રહેલા છે. જેને અજમાવીને રાહત અનુભવ કરી શકાય છે. ૯૦ના દશકમાં કોલંબિયા ફિટનેસ નિષ્ણાંતો દ્વારા શરૂ કરવામા ંઆવેલા વર્ક આઉટ હાલના દિવસોમાં ભારતમાં ખુબ લોકપ્રિય છે. લૈટિન મ્યુઝિકની સાથે તેમાં જુદા જુદા ડાન્સ ફોર્મના મિશ્રણ રહેલા છે. જેમ કે સાલસા, બેલી ડાન્સિગ, સોકા, રિગેટન, જુમ્બાનો સમાવેશ થાય છે. જુમ્બા કેટલાક પ્રકારના હોય છે. જેમ કે સ્વિમિંગ પુલમાં એક જુમ્બા કરવામાં આવે છે. બાળકો માટે જુમ્બા કિડસ્ છે. મોટી વયના લોકો માટે જુમ્બા ગોલ્ડ છે. જુદા જુદા સંગીતના તાલ પર ઝુમવાથી પણ સારી કસરત થઈ જાય છે. પોઈલેટ્સ વર્ક આઉટ પણ ઉપયોગી છે. કમજોર ઘુટણ અને પીઠ માટે આ વર્ક આઉટ આદર્શ સાબિત થઈ શકે છે. જેને ચાદર બિછાવીને સુઈ જઈને મ્યુઝિક સાથે કરવામાં આવે છે. આના કારણે શરીરમાં તાજગી રહે છે. કમરના હિસ્સાને મજબુતી મળે છે. ફ્લેક્સિબિલિટી આવે છે. આને મોર્નિંગ વર્ક આઉટના હિરો તરીકે ગણી શકાય છે. આની શરૂઆત એક જર્મન નિષ્ણાંત દ્વારા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૫માં આની લોકપ્રિયતા વિશ્વભરમાં વધી હતી. ત્યારબાદ લોકો આ વર્કઆઉટ તરફ આકર્ષિત થયા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં પણ પાઈલેટ્સની લોકપ્રિયતા સતત વધી છે. મસાલા ભાંગડા નામથી પણ એક વર્ક આઉટ કરવામાં આવે છે. યુવા પેઢી માટે આ એક શાનદાર અને મસ્તી સાથે કરવામા ંઆવતા વર્ક આઉટ તરીકે છે. આમાં પોપ અને ભાંગડા બન્ને મિશ્ર છે. આમાં ઢોલના તાલ પર ફાસ્ટ મુવમેન્ટ રહેલા છે. આ એક તીવ્ર વર્ક આઉટ છે.વિવિધ બિમારી ખાસ કરીને હાર્ટ માટે આ એક જોરદાર કાર્ડિયો એક્ટિવિટી છે. પાઈલેટ્સ અને બોક્સિગના યોગ્ય તરીકે પાઈલોકિસગ છે. આની શરૂઆત સ્વીડનના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી હતી. મહિલાઓ માટે આ ખાસ ફાયદાકારક છે. આના કારણે મહિલાઓમાં આત્મવિશ્વાસ અને ફિટનેસને લઈને વિશ્વાસ વધે છે. આ કસરતથી મનને પણ સંતોષ મળે છે. જોરદાર વર્ક આઉટ કરવાના બદલે ફુલ મસ્તીમાં વર્ક આઉટ પણ અસરકારક સાબિત થાય છે. નવા નવા અભ્યાસમાં પણ આ બાબત સાબિત થઈ ચુકી છે કે આધુનિક સમયમાં ભાગદોડની લાઈફમાં પણ વ્યક્તિ થોડાક સમય માટે વર્ક આઉટ કરે તે જરૂરી છે. વર્કઆઉટ શરીરને ફિટ રાખવામાં અને કેટલીક ચોક્કસ બિમારીને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થઈ શકે છે. મોટા ભાગના લોકોને તબીબો પણ હવે તો સવારમાં વર્કઆઉટ કરવા માટેની સલાહ આપે છે. સાથે સાથે મોટા ભાગના લોકો હવે નવા પ્રયોગ કરવા પણ લાગી ગયા છે. આના ફાયદા પણ દેખાઈ રહ્યા છે. કેટલાક લોકો નિયમિતપણે મોર્નિંગ વોક કરે છે



**ચિંતા : કેન્સરની સંખ્યા દર વર્ષે એક લાખ ૭૫ હજાર થઇ**

**બાળપણમાં કેન્સર થવાને ચાઇલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે**

# બાળકોમાં કેન્સરના કેસો વધ્યા છે

**બાળકોમાં થતા કેન્સર રોગના લક્ષણ પણ વહેલી તકે જાણી શકાતા નથી કારણ કે લક્ષણો અન્ય સામાન્ય બિમારી જેવા જ હોય છે**

ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સની અંદર ડીએનએ મોલીક્યુલ્સમાં અપરિવર્તનીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલો કરી દે છે. આ જ કેન્સર જેવી બિમારીનુ ઉત્પાદન કરવામા ચાવીરૂપ ભૂમિકા અદા કરી દે છે. આ તમામ ચીજો પણ હવે બાળકોમાં દેખાવવા લાગી ગઈ છે. બાળપણમાં કેન્સર થવાને ચાઈલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા. પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે. કેન્સર શરીરમાં જુદા ભાગોમાં સામાન્ય કોશિકાઓના અનિયંત્રિત વૃદ્ધિના કારણે જન્મ લે છે. સામાન્ય પરિસ્થિતીમાં સેલ્સ અથવા તો કોશિષાકાના એક નિયંત્રિત તંત્ર અથવા તો વ્યવસ્થા તરીકે હોય છે. ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સ અથવા તો કોશિકાની અંદર ડીએનએ મોનીક્યુલ્સમાં અપરિવર્તીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલા કરી દે છે. જેના કારણે કેન્સર જેવી ખતરનાક બિમારી ફેલાઈ જાય છે. આ તમામ ચીજો હવે બાળકોમાં પણ દેખાવવા લાગી ગઈ છે. દુનિયાભરમાં એવો અંદાજ મુકવામાં આવ્યો છે કે ચાઈલ્ડહુડ કેન્સરની



દર વર્ષે ઘટના એક લાખ ૭૫ હજાર જેટલી છે. શોધથી એવુ પણ જાણવા મળ્યુ છે કે ચાઈલ્ડહુડ કેન્સરના કારણે મૃત્યુ પામનાર બાળકોનો મૃત્યુ દર આશરે ૨૦ ટકા જેટલો રહ્યો છે. જેમાં હાલના વર્ષોમાં ૦.૬ ટકાનો વધારો થયો છે. બાળકોમાં થનાર કેન્સરના પ્રકાર મોટી વયના લોકોમાં થનાર કેન્સર કરતા અલગ પ્રકારના હોય છે. જેમ કે લ્યુકેમિયા, બ્રેન એન્ડર અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટેમ ટ્યુમર, ન્યુરોબલાસ્ટોમાં, વિલ્મિસ ટ્યુમર, લિન્ફોમા, રેટિનોબસ્ટોપમાં અને બોન કેન્સરનો સમાવેશ થાય છે. અન્ય પ્રકારના કેન્સર બાળકોમાં જોવા મળતા નથી. પરંતુ આનો મતલબ એ બિલકુલ નથી કે અન્ય પ્રકારના કેન્સર બાળકોને થઈ શકે નહી. બોનમેરો અને બ્લડ કેન્સરને લ્યુમકેમિયા કહેવામાં આવે છે. બાળકોમાં જોવા મળતા કેન્સરમાં લ્યુમકેમિયા ૩૦ ટકા સુધી રહે છે. તેના લક્ષણ સર્વસામાન્ય હોય છે. જેમ કે હાડકામાં દુખાવા, થાક, કમજોરી, સ્કીનમાં પીળાશપણનો સમાવેશ થાય છે. કેમિયોથેરાપી આનો એકમાત્ર ઉપચાર છે. બોન કેન્સર હાડકાના કેન્સર તરીકેછે. આ શરીરના કોઈ પણ ભાગથી શરૂ થઈને થઈ શકે છે. આ રોગ ત્યારબાદ હાડકામાં ફેલાઈ જાય છે. આ રોગ હાડકામાં સોજા અને પીડા આપવાની શરૂઆત કરે છે. બ્રેન એન્ડ અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ ટ્યમર ચાઈલ્ડ કેન્સરના એક પ્રકાર તરીકે છે. બ્રેઈન ટ્યુમર અનેક પ્રકારના રહે છે. આ તમામના ઉપચાર પણ જુદા જુદા છે. તેમાં માથામાં દુખાવા, ઉલ્ટી થવી અને ચક્કર આવવા જેવી બાબતો હોય છે. ન્યુરોબલાસ્ટોમાં કેન્સર મોટા ભાગે નવજાત શિશુમાં જોવા મળે છે. આ રોગ ૧૦ વર્ષથી ઉપરના બાળકોને ક્યારેય થાય તેવા સંજોગો હોતા નથી. પેટમાં સોજા, હાડકામાં પીડા અને તાવ જેવા તેના લક્ષણ રહે છે. વિલ્મેસ ટ્યુમર મોટા ભાગે ચાર અથવા તો પાંચ વર્ષના બાળકોમાં જોવા મળે છે. પેટમાં ગાંઠો આના કારણે પડી જાય છે. આના કારણે ભુખ લાગતી નથી. તાવની અસર પણ રહે છે. લિમ્ફોમાં કેન્સર બાળકોમાં જોવા મળે છે. તેના લક્ષણની વાત કરવામાં આવે તો વજન ઘટવાની બાબતનો સમાવેશ થાય છે. તાવ પણ આવે છે. વારંવાર પરસેવા થાય છે. થાક પણ લાગે છે. રાબડોમસોસરકોમાં કેન્સર માથા, ગર્દન, કમર અને પેટના ભાગ સહિત શરીરના કોઈ પણ ભાગમાં થઈ શકે છે. રેટિનોબસ્ટોમાં આંખના કેન્સર તરીકે છે. સામાન્યરીતે તે બે વર્ષની વયના બાળકોમાં જોવા મળે છે. લક્ષણ તરીકે આંખમાં લાલ રંગ નજરે પડે છે. આંખો હમેંશા લાલ અથવા તો સફેંદ નજરે પડે છે. કેન્સર નિષ્ણાંત તબીબો કહે છે કે કેન્સરના લક્ષણોને ઓળખી કાઢવાની બાબત સામાન્યરીતે મુશ્કેલ હોય છે. કારણ કે તેના તમામ લક્ષણ અન્ય સામાન્ય બિમારીની જેમ જ હોય છે. આ પ્રકારની પિડા થવાની સ્થિતીમાં બાળકની કાળજી સૌથી મહત્વપૂર્ણ બાબત રહે છે. કેન્સર રોગ કેટલી ઝડપથી વધે છે તે બાબત પણ મહત્વપૂર્ણ બની જાય છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




દિલ્હી હવામાનઃ માર્ચ મહિનામાં જ ગરમી લોકોને રડાવી રહી છે,

# દિલ્હીમાં પારો ૪૦ ને પાર । નાગરિકો પરેશાન થઇ ગયા

। નવીદિલ્હી, તા.૨૭ ।

